કોઈપણ કિંમત પર સમાચાર

PRGI : GJGUJ/25/A4373

# સાબર રીપોર્ટર ન્યુઝપેપર

WEEKLY સાપ્તાહિક GUJARATI

તંત્રી : બાદશાહખાન અજબખાન પઠાણ

SABAR REPORTER NEWSPAPER - EDITOR : BADSHAHKHAN AJABKHAN PATHAN - WWW.SABARREPORTERNEWSPAPER.IN

રજિસ્ટર્ડ સરનામુ 892, મુસ્લિમ વિસ્તાર, મુ.પો.ગંભીરપુરા , તા.ઇડર, જી.સાબરકાંઠા -383430 મો.98986 93985 E MAIL : badshahpathan@gmail.com

તા.: 02/02/2026 | અંક નં.: 5 | વર્ષ: 1 | કિંમત: ₹2 | વાર્ષિક: ₹100 | Date: 02/02/2026 | Issue No.: 5 | Year: 1 | Weekly (સાપ્તાહિક) | Price: ₹2 | Yearly: ₹100

## પ્રાંતિજ NH-48 કતપુર ટોલ પ્લાઝા પર IT રેડ બાદ પરિણામ કેમ જાહેર નથી થયું?

નેશનલ હાઈવે-48 પર આવેલ પ્રાંતિજ તાલુકાના કતપુર ટોલ પ્લાઝા પર થોડા સમય પહેલા ઇન્કમટેક્સ વિભાગ દ્વારા વ્યાપક સર્ચ (રેડ) ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. મીડિયા રિપોર્ટ મુજબ આ કાર્યવાહી એક દિવસની નહીં પરંતુ સતત ત્રણ દિવસ સુધી ચાલી હતી, જેમાં ટોલ પ્લાઝાની ઓફિસ, નાણાકીય દસ્તાવેજો, ડિજિટલ રેકોર્ડ તથા ટોલ ટેક્સ વસુલાત સંબંધિત હિસાબોની વિગતવાર તપાસ કરવામાં આવી હતી.આ IT સર્ચ દરમિયાન કતપુર ટોલ પ્લાઝા પર ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો, જેના કારણે સમગ્ર પ્રાંતિજ વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો હતો. કાર્યવાહી દરમ્યાન સ્થળ પર હાજર કેટલાક પોલીસ કર્મચારીઓ દ્વારા ત્યાં હાજર કર્મચારીઓ તથા જવાબદાર લોકોને એવું જણાવવામાં આવ્યું હતું કે “સર્ચ બાદ ઇન્કમટેક્સ વિભાગના અધિકારીઓ દ્વારા આગળથી સંપર્ક કરવામાં આવશે.” પરંતુ આ ઘટનાને હવે ઘણા દિવસો વીતી ગયા હોવા છતાં હજુ સુધી કોઈ નોટિસ, કોઈ સત્તાવાર કાર્યવાહી કે કોઈ સ્પષ્ટ માહિતી જાહેર કરવામાં આવી નથી.ત્રણ દિવસ સુધી ચાલેલી આ IT રેડ બાદ પણ ઇન્કમટેક્સ વિભાગ દ્વારા કોઈ પ્રેસ નોટ, મીડિયા બ્રીફિંગ અથવા અધિકૃત નિવેદન બહાર આવ્યું નથી. જેના કારણે રેડ દરમિયાન શું મળ્યું, તપાસ કયા તબક્કે છે અને આગળ શું કાર્યવાહી થવાની છે તે બાબતે હજુ સુધી કોઈ સ્પષ્ટતા સામે આવી નથી.ઉલ્લેખનીય છે કે NH-48 પર આવેલ કતપુર ટોલ પ્લાઝા પરથી દરરોજ લાખો રૂપિયા અને મહિને કરોડો રૂપિયાનું ટોલ ટેક્સ વસૂલાતો થાય છે. જનતા પાસેથી વસૂલાતી આવી મોટી રકમ સાથે સંકળાયેલી જગ્યાએ ઇન્કમટેક્સ વિભાગ દ્વારા રેડ કરવામાં આવી હોવા છતાં તેની વિગતો જાહેર ન થવી અનેક પ્રશ્નો ઊભા કરે છે.ઇન્કમટેક્સ વિભાગ દ્વારા સર્ચ જેવી કાર્યવાહી સામાન્ય રીતે નિયમસર અને મજબૂત શંકાના આધારે જ કરવામાં આવે છે. પરંતુ એટલી ગંભીર અને લાંબા સમય સુધી ચાલેલી કાર્યવાહી બાદ પણ તેના પરિણામો અંગે કોઈ માહિતી જાહેર ન થવી તે પારદર્શિતા અને જવાબદારી અંગે સવાલ ઉભા કરે છે.આ સંજોગોમાં જિલ્લા કલેકટર દ્વારા આ સમગ્ર મામલે ધ્યાન આપીને તપાસ કરવી જરૂરી બની છે કે પ્રાંતિજ તાલુકામાં થયેલી આ પ્રકારની IT કાર્યવાહી બાદ માહિતી જાહેર કેમ કરવામાં આવી નથી અને હાલ આ કેસ કયા તબક્કે છે. સાથે જ જિલ્લાના ચૂંટાયેલા લોકપ્રતિનિધિઓ દ્વારા પણ જનહિતને ધ્યાનમાં રાખીને યોગ્ય ભૂમિકા ભજવવાની માંગ ઉઠી રહી છે. જાહેર હિતને ધ્યાનમાં રાખીને ઇન્કમટેક્સ વિભાગ દ્વારા NH-48 પર આવેલા પ્રાંતિજના કતપુર ટોલ પ્લાઝા પર થયેલી ત્રણ દિવસીય સર્ચ કાર્યવાહી અંગે સ્પષ્ટ અને સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવે તે હવે સમયની માંગ બની ગઈ છે

## દેહવિક્રયની માંગણી અને AI દ્વારા નિર્મિત અશ્લીલ સામગ્રીના દુરુપયોગ બદલ ૧૨૦ ઓનલાઇન એકમો સામે ક્રાઈમ બ્રાન્ચે ગુનો નોંધ્યો

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા સતત ડિજિટલ સર્વેલન્સ અને સોશિયલ મીડિયા મોનિટરિંગના ભાગરૂપે,ઓનલાઇન દેહવિક્રય અને મહિલાઓના ડિજિટલ શોષણ વિરુદ્ધ એક વ્યાપક ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ગેરકાયદેસર એસ્કોર્ટ સર્વિસ રેકેટ ચલાવવા અને જનતા સાથે છેતરપિંડી કરવા બદલ ઇન્સ્ટાગ્રામ હેન્ડલ્સ, ફેસબુક પેજ અને વિવિધ વેબસાઇટ્સ સહિત ૧૨૦ એકમો વિરુદ્ધ ઔપચારિક FIR નોંધવામાં આવી છે.(Modus Operandi)સ્પેશિયલાઇઝ્ડ ટેકનિકલ એનાલિસિસ દરમિયાન, ક્રાઈમ બ્રાન્ચે અમદાવાદમાં સક્રિય સોશિયલ મીડિયા પ્રોફાઇલ્સ અને વેબ લિંક્નું એક નેટવર્ક શોધી કાઢ્યું છે. આરોપીઓ ગ્રાહકોને આકર્ષવા માટે મહિલાઓના અશ્લીલ ફોટા અને વીડિયો જાહેરમાં પ્રદર્શિત કરતા હતા.AI ટેકનોલોજીનો દુરુપયોગ એક ચિંતાજનક ટ્રેન્ડમાં, ગુનેગારો "એસ્કોર્ટ સર્વિસ" ના નામે લોકોને લલચાવવા માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) નો ઉપયોગ કરીને અશ્લીલ સામગ્રી બનાવી અને પ્રસારિત કરી હતી.આ પ્રોફાઇલ્સ દ્વારા અમદાવાદ શહેર માટે ચોક્કસ "કલાક દીઠ દર" અને "નાઇટ સ્ટે" ના શુલ્કની જાહેરાત કરવામાં આવતી હતી, અને ગેરકાયદેસર વ્યવહારો માટે મોબાઈલ નંબર તથા UPI ID આપવામાં આવતા હતા.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આ ઓપરેટરો અશ્લીલ જાહેરાતો દ્વારા નાગરિકોને લલચાવી UPI દ્વારા ઓનલાઇન પેમેન્ટ કરાવતા હતા અને ત્યારબાદ તેમની સાથે નાણાકીય છેતરપિંડી કરતા હતા.આ પ્રવૃત્તિઓ માત્ર કાયદાનું ઉલ્લંઘન જ નથી કરતી, પરંતુ જાહેર પ્લેટફોર્મ પર મહિલાઓને અપમાનજનક રીતે ચિત્રિત કરીને તેમની ગરિમાને પણ ઠેસ પહોંચાડે છે.પીડિતોની ગોપનીયતા જાળવવા અને આરોપીઓને ડિજિટલ પુરાવા નાશ કરતા રોકવા માટે આ FIR ને 'સંવેદનશીલ' શ્રેણીમાં રાખવામાં આવી છે. ક્રાઈમ બ્રાન્ચે આ ૧૨૦ પ્રોફાઇલના એડમિનિસ્ટ્રેટર્સ અને મોબાઈલ નંબર ધારકો વિરુદ્ધ નીચે મુજબની કાનૂની જોગવાઈઓ હેઠળ ગુનો નોંધ્યો છે:* ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩:* કલમ ૭૯: સ્ત્રીની ગરિમાને ઠેસ પહોંચાડવી.કલમ ૨૯૬જાહેરમાંઅશ્લીલ કૃત્યો અને ગીતો.કલમ ૩૧૮(૪) છેતરપિંડી અને મિલકતની ડિલિવરી માટે અપ્રમાણિકપણે પ્રેરિત કરવું.ઈમ્મોરલ ટ્રાફિક (પ્રિવેન્શન) એક્ટ, ૧૯૫૬: કલમ ૮: વેશ્યાવૃત્તિના હેતુ માટે લલચાવવું અથવા માંગણી કરવી.ઇન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ, ૨૦૦૦કલમ ૬૭ ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં અશ્લીલ સામગ્રી પ્રકાશિત કરવી અથવા પ્રસારિત કરવી. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે જનતાને સતર્ક રહેવા અને આવી ગેરકાયદેસર સોશિયલ મીડિયા પ્રોફાઇલ્સ કે લિંક્થી દૂર રહેવા વિનંતી કરી છે. આવી સેવાઓ માટે ચકાસણી વગરના (unverified) UPI ID પર નાણાં ટ્રાન્સફર કરવાથી ઘણીવાર નાણાકીય છેતરપિંડી થાય છે અને નાગરિકો ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સામેલ થઈ જાય છે.આ રેકેટ ચલાવનારાઓ અને તેનાથી લાભ મેળવનારાઓને પકડવા માટે વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## નવા લગ્ન થયેલા યુવકની આત્મહત્યા : સુઘડનો ઋષભ પટેલ કેસ

ગાંધીનગર જિલ્લાના સુઘડ વિસ્તારમાં થયેલી યુવક ઋષભ પટેલની આત્મહત્યા માત્ર એક વ્યક્તિના મૃત્યુનો મામલો નથી, પરંતુ સમાજમાં ચાલતી એક ખતરનાક પ્રવૃત્તિ તરફ ઈશારો કરે છે. મીડિયા અહેવાલો મુજબ, આ કેસમાં પોલીસ દ્વારા બેટિંગ તથા નાણાકીય ફસાવટના એંગલ પરથી તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે.ઋષભ પટેલ એક યુવક હતો અને થોડા જ દિવસો પહેલાં તેના લગ્ન થયા હતા. નવા જીવનની શરૂઆત કરનાર યુવક દ્વારા અચાનક જીવનનો અંત લાવવો સામાન્ય ઘટના કહી શકાય તેવી નથી. આ ઘટનાએ અનેક ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે, જેને અવગણવા શક્ય નથી.મીડિયા રિપોર્ટ મુજબ, ઋષભ પટેલ પર કેટલાક લોકો દ્વારા સતત માનસિક દબાણ અને નાણાકીય ત્રાસ આપવામાં આવતો હોવાની શંકા તપાસમાં સામે આવી છે. સમાજમાં એવા લોકો સક્રિય છે કે જે જાણબૂઝીને અમીર મા-બાપના સંતાનોને ઓળખી, તેમને બેટિંગ, નાણાકીય લેવડદેવડ અથવા અન્ય રીતે ફસાવી, પછી ધમકી અને દબાણ દ્વારા પૈસા પડાવવાનો પ્રયાસ કરે છે. આવા કિસ્સાઓ હવે એકલદોકલ નથી રહ્યા.આ કેસમાં સ્યુસાઇડ નોટના આધારે ચાર વ્યક્તિઓ સામે ગુનો નોંધાયો હોવાના અહેવાલો છે, પરંતુ હકીકત એ છે કે હાલ સુધી માત્ર એક જ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે ગંભીર આક્ષેપો સાથે ચાર નામ સામે આવ્યા છે, ત્યારે માત્ર એક જ ધરપકડ થવી તપાસની દિશા અને ગંભીરતા પર સ્વાભાવિક રીતે પ્રશ્ન ઊભા કરે છે.આવો કિસ્સો સમગ્ર સમાજ માટે લાલ બત્તી સમાન ચેતવણી છે. જો સમયસર અને કડક કાર્યવાહી ન થાય, તો આવનારા સમયમાં વધુ યુવાનો આવા શિકાર બની શકે છે. આ માત્ર કાયદા-વ્યવસ્થાનો પ્રશ્ન નથી, પરંતુ સામાજિક સુરક્ષા અને યુવાનોના ભવિષ્ય સાથે સીધો જોડાયેલ મુદ્દો છે.જાહેર માંગ છે કે સરકાર અને પોલીસ તંત્ર દ્વારા આ કેસમાં સ્પષ્ટ, નિષ્પક્ષ અને વ્યાપક તપાસ કરવામાં આવે. માત્ર સામાન્ય કલમો નહીં, પરંતુ જો વ્યવસ્થિત રીતે યુવાનોને ફસાવી નાણાકીય શોષણ કરવામાં આવ્યું હોય, તો આવા લોકો સામે ગંભીર અને કડક કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે, જેથી સમાજમાં સ્પષ્ટ સંદેશ જાય કે આવા ગુનાઓ સહન કરવામાં નહીં આવે.સુઘડનો ઋષભ પટેલ કેસ માત્ર એક સમાચાર નથી.આ એક ચેતવણી છે.હવે સવાલ એ છે કે — તંત્ર આ ચેતવણીને ગંભીરતાથી લેશે કે પછી એક વધુ યુવાનની કહાની ફાઇલોમાં જ દબાઈ જશે?

**બેટિંગ નાણાકીય ફસાવટ એંગલ પર તપાસ, સમાજ માટે લાલ બત્તી સમાન ચેતવણી**

# તા.01.01.2026ની લાયકાતની તારીખના આધારે હાથ ધરવામાં આવેલી મતદાર યાદીની ખાસ સઘન સુધારણા(SIR)

## રાજ્યભરમાં કુલ 14,70,125 ફોર્મ મળ્યા જેમાં 7,25,920 ફોર્મ 6, 1,83,235 ફોર્મ 7, 5,60,970 ફોર્મ 8 મળ્યા 30 જાન્યુઆરીના રોજ વાંધા-દાવાઓ રજૂ કરવાની સમયમર્યાદા પૂર્ણ, મળેલા ફોર્મનો તા. 10.02.2026 સુધીમાં નિકાલ કરાશે

FEB 01 2026 6:24 PM

BY સામાન્ય વહીવટ વિભાગ ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ (SIR) હાથ ધરવામાં આવી છે. તા. 27 ઓક્ટોબર 2025થી રાજ્યભરમાં શરૂ કરવામાં આવેલી SIR (Special Intensive Revision) ઝુંબેશની ગણતરીના તબક્કાની અસરકારક કામગીરી બાદ તા. 19 ડિસેમ્બર 2025ના રોજ મુસદ્દા મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી હતી.

મુસદ્દા યાદી અંગે નાગરિકો પોતાના દાવા અને વાંધાઓ રજૂ કરી શકે તે માટે અગાઉ તા. 18.01.2026 સુધીની સમયમર્યાદા નક્કી કરવામાં આવી હતી, જેને બાદમાં ભારતના ચૂંટણી પંચ દ્વારા તા. 30.01.2026 સુધી વિસ્તૃત કરવામાં આવી. આ સમયગાળા દરમિયાન રાજ્યભરમાંથી નાગરિકો તરફથી કુલ 14,70,125 ફોર્મ્સ પ્રાપ્ત થયા છે, જેમાં ફોર્મ નં. 6ના 7,25,920, ફોર્મ નં. 7ના 1,83,235 અને ફોર્મ નં. 8ના 5,60,970 ફોર્મ્સનો સમાવેશ થાય છે. જિલ્લાવાર મળેલા ફોર્મ્સમાં અમદાવાદ 216084, સુરત 131153, આનંદ 78790, રાજકોટ 72149, ભાવનગર 63116, વડોદરા 58822, કચ્છ 54221, ખેડા 53679, ગાંધીનગર 50849, બનાસકાંઠા 47066, મહેસાણા 43146, પંચમહાલ 42762, દાહોદ 42695, જૂનાગઢ 40117, પાટણ 38199, જામનગર 37918, સુરેન્દ્રનગર 36119, ભરુચ 32645, સાબરકાંઠા 32474, અમરેલી 29733, ગીર સોમનાથ 29392, મોરબી 29062, વલસાડ 28914, નવસારી 27460, મહિસાગર 22457, અરવલ્લી 21059, છોટાઉદેપુર 20293, બોટાદ 18962, પોરબંદર 16979, દેવભૂમિ દ્વારકા 14363, તાપી 8096, નર્મદા 7397 અને ડાંગ 4001નો સમાવેશ થાય છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા નિર્ધારિત હેતુ “પાત્રતા ધરાવતો મતદાર રહી ન જાય અને પાત્રતા ન ધરાવતો મતદાર સામેલ ન થાય” ને સિદ્ધ કરવા રાજ્યભરના મતદાર નોંધણી અધિકારીઓ તથા સહાયક મતદાર નોંધણી અધિકારીઓ દ્વારા આ તમામ ફોર્મ્સની ચકાસણી કરીને તા. 10.02.2026 સુધીમાં નિકાલ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે કોઈપણ કારણોસર રાજ્યના કોઈ નાગરિક ફોર્મ ભરવામાં કે જમા કરાવવામાં ચૂકી ગયા હોય અથવા ખાસ સઘન સુધારણાની પ્રક્રિયામાં જોડાઈ શક્યા ન હોય તો તેઓ આગામી સમયમાં સતત સુધારણા પ્રક્રિયા અંતર્ગત ફોર્મ ભરી શકશે અને મતદાર યાદીમાં નામ ઉમેરવું, રદ્દ કરવું અથવા સ્થળાંતર સહિતના જરૂરી ફેરફારો કરાવી શકશે — “પાત્રતા ધરાવતો મતદાર રહી ન જાય, પાત્રતા ન ધરાવતો મતદાર સામેલ ન થાય.”

# હિંમતનગર ખાતે ડીઆરડીએ નિયામકશ્રી કે પી પાટીદારની ઉપસ્થિતિમાં મહિલાઓને ઉદ્યમી બનાવવા જિલ્લા પંચાયત ખાતે બે દિવસીય ‘બિઝનેસ વેલનેસ તાલીમ’નો પ્રારંભ કરાયો






સાબરકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (NRLM) યોજના હેઠળ ઉત્પાદન સાથે જોડાયેલા સ્વસહાય જૂથો (SHG) ની બહેનોને વ્યાવસાયિક દ્રષ્ટિએ સજ્જ કરવા માટે એક મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. જિલ્લા પંચાયત હિંમતનગર ખાતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી (DRDA) ના નિયામક શ્રી કે. પી. પાટીદાર ના અધ્યક્ષસ્થાને બે દિવસીય ‘બિઝનેસ વેલનેસ તાલીમ’નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ ડૉ. કે.આર. શ્રોફ ફાઉન્ડેશન, કારીગર ક્લિનિક સંસ્થા (અમદાવાદ) અને NRLM ના સંયુક્ત ઉપક્રમે આયોજિત કરવામાં આવ્યો છે. જેનો મુખ્ય હેતુ મહિલાઓના ઉદ્યમને માત્ર ‘કામ’ પૂરતું સીમિત ન રાખતા, તેને એક સફળ બિઝનેસ મોડલમાં પરિવર્તિત કરવાનો છે. યોગ્ય માર્ગદર્શન અને ટેકનિકલ સમજ દ્વારા ગ્રામીણ મહિલાઓને સાચા અર્થમાં ઉદ્યમી બનાવવાની દિશામાં આ એક મહત્વનું પગલું છે.તાલીમના પ્રથમ દિવસે નિયામક શ્રી કે. પી. પાટીદારે મહિલાઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રીના મહિલા સશક્તિકરણના સ્વપ્નને સાકાર કરવા માટે આ પ્રકારની તાલીમ અનિવાર્ય છે. સાબરકાંઠા જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી ઉત્પાદન પ્રવૃત્તિ સાથે જોડાયેલા સ્વસહાય જૂથના 30 જેટલા સભ્યો આ તાલીમમાં જોડાયા છે

# રાજ્યના ૨૬૬૬ ગામોને મળશે પોતીકા ગ્રામ પંચાયત ઘર

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની ૨૬૬૬ ગ્રામ પંચાયતો માટે પોતીકા ગ્રામ પંચાયત ઘર કમ તલાટી આવાસના એક સાથે એક જ સ્થળેથી ઈ-ખાતમૂહૂર્ત કરતા સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આત્મનિર્ભર ભારત માટે ગામોના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ પર જે ફોકસ કર્યુ છે તેમાં ગુજરાત અગ્રેસર રહેવા પ્રતિબદ્ધ છે.આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ ૧૦૦ ટકા લક્ષ્યાંક સિદ્ધીનો આપેલો સેચ્યુરેશન એપ્રોચ ગુજરાતમાં સાકાર કરવા આગામી દિવસોમાં રાજ્યની બધી જ ગ્રામ પંચાયતોને પોતીકા પંચાયત ઘર કમ તલાટી આવાસ આપવાનો મહત્વકાંક્ષી નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.રાજ્યના આ ૨૬૬૬ ગામોમાં કુલ રૂ. ૬૬૩ કરોડના ખર્ચે નિર્માણ થનારા ગ્રામ પંચાયત ઘર કમ તલાટી આવાસને પરિણામે ગ્રામીણ નાગરિકોને સ્થાનિક સ્તરેથી જ સરકારી સેવાઓ સરળતાએ ઉપલબદ્ધ થશે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે વ્યક્ત કર્યો હતો.તેમણે ‘મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજના’નું રાજ્યવ્યાપી લોન્ચીંગ પણ પંચાયત મંત્રી શ્રી રૂષિકેશભાઈ પટેલ અને અન્ન નાગરિક પુરવઠા મંત્રી શ્રી રમણભાઈ સોલંકી તેમજ પંચાયત અને ગ્રામ વિકાસ રાજ્ય મંત્રી શ્રી સંજયસિંહ મહિડા અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં કર્યું હતુ.મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્યના ૧૧૪ તાલુકા મથકના એવા ગામો જે તાલુકા મથક છે પરંતુ નગરપાલિકા નથી તેને ‘મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજના’ના પ્રથમ તબક્કામાં આવરી લઈને રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પાણી, સ્વચ્છતા, સોલાર સ્ટ્રિટ લાઈટ, ઈ-ગ્રામ, કોમ્યુનિટી હોલ સહિતની શહેરી સમકક્ષ આધુનિક સુવિધાઓ પુરી પાડવામાં આવશે.તેમણે ઉમેર્યુ કે, શહેરો પરનું ભારણ ઓછું થાય અને શહેરો જેવી જ સુવિધાઓ ગામોમાં મળે તેવા આશયથી આગામી સમયમાં રાજ્યમાં ૧૦ હજારથી વધુ વસ્તી ધરાવતી ગ્રામ પંચાયતોને ‘મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજના’ અંતર્ગત આવરી લેવાનું રાજ્ય સરકારનું લક્ષ્ય છે. આના પરિણામે ગ્રામ્ય અને શહેરી વિકાસ વચ્ચેનો તફાવત ઘટશે તથા સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસનો વડાપ્રધાનશ્રીએ આપેલો મંત્ર સમગ્ર અને સંતુલિત વિકાસથી સાકાર થશે.

Owner, Publisher, Editor & Printer : Badshahkhan Ajabkhan Pathan 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka: Idar, District: Sabarkantha, Gujarat – 383430. Name & Address of Printing Press Print Magic Graphics Milkat No. 2567, Gambhirpura, Taluka: Idar, District: Sabarkantha, Gujarat – 383430. Place of Publication 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka: Idar, District: Sabarkantha, Gujarat – 383430.

# પોશીના તાલુકામા આવેલ એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ (GLRS–EMRS) માં ગુણવત્તા યુક્ત શિક્ષણથી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ખુશી

ખેડબ્રહ્મા આદિજાતિ વિકાસ સંકુલના તાબા હેઠળ સંચાલિત એકલવ્ય મોડેલ સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શિક્ષણ, સંસ્કાર, આરોગ્ય અને સુવિધાઓના તમામ પાસાઓ પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.આ સંસ્થાની સમગ્ર કામગીરી પર કચેરીના વડા તથા પ્રાયોજના અધિકારી વિશાલ સકસેના (અધિક કલેક્ટર) તેમજ મદદનીશ કમિશનર શિક્ષણ દર્શન સણોલ દ્વારા સતત મોનિટરિંગ અને કડક દેખરેખ રાખવામાં આવી રહી છે.વિશાલ સકસેના ના જણાવ્યા મુજબ કોઈપણ બાબતમાં બેદરકારી ચલાવી લેવામાં નહી આવે, શાળામાં વિદ્યાર્થીઓને નિયમિત અને ગુણવત્તાયુક્ત અભ્યાસક્રમ સાથે સાથે શુદ્ધ, સાત્વિક અને પોષણયુક્ત ભોજન તથા નાસ્તો સમયસર આપવામાં આવેછે ભોજનની ગુણવત્તા,સ્વચ્છતા અને આરોગ્યલક્ષી માપદંડોનું સંપૂર્ણ પાલન કરવામાં આવે છે.કે નહી એની તપાસ કરવામાં આવે છે.શિક્ષણની સાથે સાથે વિદ્યાર્થીઓમાં રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, પ્રવાસ, અભ્યાસક્રમિક પ્રવૃત્તિઓ દ્વારા છુપાયેલી પ્રતિભા વિકસે તે માટે આચાર્ય તથા સમગ્ર શિક્ષક સ્ટાફ સતત પ્રયત્નશીલ છે.

# સાબરકાંઠા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ‘શહીદ દિન’ નિમિત્તે શહીદ વીરોને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ





ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં દેશની આઝાદી અને માતૃભૂમિની રક્ષા કાજે પોતાના પ્રાણનું બલિદાન આપનાર અમર શહીદ વીરોની પુણ્યસ્મૃતિમાં 30મી જાન્યુઆરીના રોજ સમગ્ર દેશ અને રાજ્યની સાથે સાબરકાંઠા જિલ્લામાં પણ ‘શહીદ દિન’ની ભાવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે હિંમતનગર કલેક્ટર કચેરી ખાતે સવારે ૧૧: 00 કલાકે બે મિનિટનું મૌન પાળી રાષ્ટ્રના વીર સપૂતોને ભાવભીની શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. સમગ્ર દેશ શહીદ દિવસના પાવન અવસરે પૂજ્ય મહાત્મા ગાંધીજીના બલિદાનને સ્મરણ કરવાની સાથે ભગતસિંહ, સુખદેવ, રાજગુરુ સહિતના અસંખ્ય દેશભક્તોના ત્યાગને યાદ કરીને રાષ્ટ્રની એકતાનો સંદેશ આપી રહ્યો છે. જિલ્લા કલેક્ટર કચેરીના હોલ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટરશ્રી લલિત નારાયણ સિંઘ સાંદુ તથા નિવાસી અધિક કલેક્ટર સુશ્રી ક્રિષ્ના વાઘેલા સહિત વહિવટી તંત્રના સૌ અધિકારી-કર્મચારીઓએ શહીદ વીરોની સ્મૃતિમાં તેમજ શહીદો પ્રત્યે ઋણ અદા કરવા શ્રદ્ધા અને સન્માનની ભાવનાથી બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી.આ અવસરે યુવાનોને શહીદોના આદર્શોને અનુસરીને સત્ય, અહિંસા અને દેશસેવાની ભાવના સાથે આગળ વધવા અપીલ કરવામાં આવી હતી. વહીવટી તંત્રના તમામ સભ્યોએ શહીદોના સપનાનું ભારત બનાવવાનો દ્રઢ સંકલ્પ લીધો હતો.

# ગુજરાતની જળ-વિરાસતમાં પાંચમું રત્ન ઉમેરાયું, કચ્છનું ‘છારી-ઢંઢ’ હવે રામસર સાઈટ

*"રેલાય છે જ્યાં કુદરતની હેલી, એ જ છે આપણી વેટલેન્ડની શૈલી; જળ છે તો જીવન છે, અને વેટલેન્ડ છે તો પૃથ્વીનું સંતુલન છે."* દર વર્ષે ૨ ફેબ્રુઆરીના રોજ સમગ્ર વિશ્વમાં 'વિશ્વ વેટલેન્ડ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. વેટલેન્ડ્સ એટલે કે જળપ્લાવિત વિસ્તારો પૃથ્વીની ઈકોસિસ્ટમનો એક અનિવાર્ય હિસ્સો છે, જે જૈવવિવિધતા જાળવવામાં અને પર્યાવરણના સંતુલનમાં પાયાની ભૂમિકા ભજવે છે. આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ જળાશયો, નદીઓ, કાદવ-કીચડવાળા વિસ્તારો અને દરિયાકાંઠાના ભાગોના સંરક્ષણ માટે જાગૃતિ લાવવાનો છે. ૧૯૭૧માં ઈરાનના 'રામસર' શહેરમાં વેટલેન્ડ્સના સંરક્ષણ માટે એક આંતરરાષ્ટ્રીય સંધિ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જેને 'રામસર સંમેલન' તરીકે ઓળખવામાં આવે છે. ભારત આ સંધિમાં ૧૯૮૨માં જોડાયું હતું અને ત્યારથી દેશમાં વેટલેન્ડ્સના સંરક્ષણ માટેના પ્રયત્નો અમૃતકાળમાં નવી ઊંચાઈએ પહોંચ્યા છે. સમગ્ર વિશ્વ જ્યારે ‘વિશ્વ વેટલેન્ડ દિવસ’ની ઉજવણી કરી રહ્યું છે, ત્યારે ભારત પર્યાવરણના જતન અને વિકાસના સંતુલિત મોડેલ તરીકે વૈશ્વિક ફલક પર ઉભરી આવ્યું છે. વેટલેન્ડ્સ જેને આપણે જળપ્લાવિત વિસ્તારો કહીએ છીએ, તે માત્ર પાણીના સંગ્રહસ્થાનો નથી પરંતુ તે પૃથ્વીની જૈવિક પ્રક્રિયાઓનું હૃદય છે. રામસર શહેરમાં થયેલી સંધિ બાદ વેટલેન્ડ્સના સંરક્ષણ માટે જે આંતરરાષ્ટ્રીય અભિયાન શરૂ થયું હતું, તેને ભારતે છેલ્લા દાયકામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એક નવી ઊંચાઈ આપી છે. ભારતની આ વિકાસયાત્રા હવે પ્રકૃતિના સંરક્ષણ સાથે અતૂટ રીતે જોડાઈ ગઈ છે. વર્ષ ૨૦૨૬ માટેની થીમ "Wetlands and Traditional Knowledge: Celebrating Cultural Heritage" એટલે કે “વેટલેન્ડ્સ અને પરંપરાગત જ્ઞાન: સાંસ્કૃતિક વારસાની ઉજવણી” ભારતની અસ્મિતા સાથે સીધી જોડાયેલી છે. ભારતની સભ્યતા હજારો વર્ષોથી નદીઓ અને સરોવરોના કિનારે ફૂલીફાલી છે. આપણા પૂર્વજો પાસે જળ સંચય અને જળપ્લાવિત વિસ્તારોની જાળવણીનું જે પરંપરાગત જ્ઞાન હતું, તેને આધુનિક વિજ્ઞાન સાથે જોડવાનો પ્રયાસ સરકાર કરી રહી છે. આ થીમ હેઠળ માત્ર પર્યાવરણીય પાસાઓ જ નહીં, પણ સ્થાનિક આદિવાસી સમુદાયો અને ગ્રામીણ જનતાની તે સાંસ્કૃતિક અને આધ્યાત્મિક આસ્થાને પણ ઉજાગર કરવામાં આવી છે, જેઓ પેઢીઓથી આ કુદરતી સ્ત્રોતોના સાચા રક્ષક રહ્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતમાં રામસર સાઈટ્સની સંખ્યા સતત વધી રહી છે. ભારતની રામસર સાઈટ્સની સંખ્યામાં થયેલો અભૂતપૂર્વ વધારો એ સરકારની પર્યાવરણીય કટિબદ્ધતાનો જ્વલંત પુરાવો છે. જાન્યુઆરી ૨૦૨૬ સુધીની વિગતો મુજબ, તાજેતરમાં ગુજરાતમાં કચ્છના ‘છારી-ઢંઢ’ અને ઉત્તર પ્રદેશના ‘પટના પક્ષી અભયારણ્ય’નો રામસર સાઈટ્સમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ભારત હવે કુલ ૯૮ રામસર સાઈટ્સ ધરાવે છે, જે દક્ષિણ એશિયાના કોઈપણ દેશની સરખામણીએ સૌથી વધુ છે. આ સાઈટ્સ અંદાજે ૧૩.૮૪ લાખ હેક્ટર વિસ્તારને આવરી લે છે. પશ્ચિમ બંગાળનું ‘સુંદરબન’ તેના વિશાળ મેન્ગ્રોવ્સ સાથે ભારતનું સૌથી મોટું વેટલેન્ડ છે, જ્યારે હિમાચલ પ્રદેશનું ‘રેણુકા સરોવર’ સૌથી નાનું હોવા છતાં જૈવવિવિધતાની દ્રષ્ટિએ અત્યંત સમૃદ્ધ છે. આ આંકડાઓ ભારતની ઈકો-સિસ્ટમની મજબૂતીનું પ્રતિબિંબ પાડે છે.*ગુજરાતનું ગૌરવ: ‘છારી-ઢંઢ’નું વૈશ્વિક અંકન*મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાદર્શન હેઠળ ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા રાજ્યમાં વેટલેન્ડ્સના સંરક્ષણ માટે નક્કર કામગીરી કરવામાં આવી રહી છે. આ વર્ષે ગુજરાત માટે ગૌરવની ક્ષણ એ છે કે, કચ્છના બન્ની અને મોટા રણની વચ્ચે આવેલું ‘છારી-ઢંઢ’ હવે ભારતની ૯૮મી રામસર સાઈટ તરીકે વિશ્વના નકશા પર અંકિત થયું છે. છારી-ઢંઢ એટલે ‘ખારાશવાળું સરોવર’, જે ચોમાસા દરમિયાન હજારો એકર વિસ્તારમાં ફેલાઈ જાય છે. આ વિસ્તારની વિશેષતા એ છે કે તે અત્યંત લુપ્તપ્રાય વનસ્પતિઓ જેવી કે ‘ગૂગળ’ અને ‘કડાયો’નું આશ્રયસ્થાન છે.*છારી-ઢંઢની જૈવવિવિધતા અને સ્થાનિક રક્ષકો*અહીં દર વર્ષે શિયાળામાં 30,000થી વધુ ‘કોમન ક્રેન’ કુંજ પક્ષીઓ મધ્ય એશિયાથી હજારો માઈલનું અંતર કાપીને આવે છે. આ ઉપરાંત, ગંભીર રીતે લુપ્ત થતી પ્રજાતિ 'સોશિયેબલલેપવિંગ' અને 'કોમન પોચાર્ડ' જેવા પક્ષીઓ માટે આ સુરક્ષિત આવાસ છે. આ વેટલેન્ડની જૈવવિવિધતા એટલી સમૃદ્ધ છે કે તે સાઉદી અરેબિયા અને અન્ય દેશોના પક્ષીઓને પણ આકર્ષે છે, જે ‘સેન્ટ્રલ એશિયન ફ્લાયવે’માં ભારતની ભૂમિકાને સુનિશ્ચિત કરે છે. કચ્છના બન્ની વિસ્તારના માલધારીઓ પેઢીઓથી છારી-ઢંઢના રક્ષક રહ્યા છે. તેમનું પશુપાલન અને કુદરત સાથેનું સહઅસ્તિત્વ જ આ વેટલેન્ડ્સને જીવંત રાખે છે. સરકાર દ્વારા અહીં ઈન્વેસિવ સ્પીસીઝના નિયંત્રણ માટે સ્થાનિક સમુદાયો અને NGOના સહયોગથી વિશેષ એક્શન પ્લાન અમલમાં મૂકવામાં આવ્યો છે. ૮૦ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલું આ ક્ષેત્ર ચોમાસામાં વરસાદી પાણીથી ભરાય છે અને શિયાળો આવતા જ પક્ષીઓના કલરવથી ગુંજી ઉઠે છે.*ગુજરાતની પંચરત્ન રામસર સાઈટ્સ*ગુજરાતની પાંચ રામસર સાઈટ્સ રાજ્યની ભૌગોલિક વિવિધતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે:

૧. નળ સરોવર: પેલિકન અને ફ્લેમિંગો માટે વિશ્વવિખ્યાત.

૨. થોળ પક્ષી અભયારણ્ય: ખેતી અને પ્રકૃતિના અદ્ભુત તાલમેલનું પ્રતીક.

3. વઢવાણા: ગાયકવાડી શાસનની જળ-વ્યવસ્થાનની દૂરંદેશીનું પ્રતીક.

૪. ખીજડીયા: મીઠા અને ખારા પાણીના સંગમવાળું અજોડ નિવસનતંત્ર.

૫. છારી-ઢંઢ: રણ અને જળનું અનોખું મિલનસ્થાન.

સરકાર માને છે કે, વિકાસ પર્યાવરણના ભોગે ન હોવો જોઈએ. વડાપ્રધાનની 'અમૃત ધરોહર' યોજના હેઠળ આ સાઈટ્સની આસપાસના લોકોના પરંપરાગત જ્ઞાનનો ઉપયોગ કરી સંરક્ષણ કરવામાં આવે છે. આ તમામ સ્થળોએ ડ્રોન સર્વેલન્સ, સેટેલાઈટ મેપિંગ અને આક્રમક વનસ્પતિઓના નિયંત્રણ માટે સરકાર દ્વારા સઘન એક્શન પ્લાન અમલમાં મૂકવામાં આવ્યો છે. પ્રકૃતિના સંરક્ષણ વગર માનવજાતનું અસ્તિત્વ અશક્ય છે. વેટલેન્ડ્સ માત્ર સુંદરતાનું પ્રતીક નથી, પરંતુ તે ક્લાયમેટ ચેન્જ સામે લડવામાં આપણા સૌથી મોટા સાથી છે. ગુજરાત સરકાર વેટલેન્ડ્સને ‘પૃથ્વીની કિડની’ તરીકે ગણે છે, જે પાણીને શુદ્ધ કરી ભૂગર્ભ જળના સ્તરને ઊંચા લાવે છે. આ વિસ્તારો પૂર નિયંત્રણમાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. રાજ્ય સરકારની સંકલ્પબદ્ધતાને કારણે આજે કચ્છના રણથી લઈને મધ્ય ગુજરાત સુધીની જળ વિરાસત વધુ સુરક્ષિત અને સમૃદ્ધ બની છે. **'વિકાસ પણ, વિરાસત પણ' ના મંત્ર સાથે પ્રકૃતિના આ અમૂલ્ય વારસાને આગામી પેઢીઓ માટે અકબંધ રાખવા સરકાર કટિબદ્ધ છે. આમ, વિશ્વ વેટલેન્ડ દિવસ એ માત્ર એક દિવસની ઉજવણી નથી, પરંતુ તે પર્યાવરણીય ન્યાય અને ટકાઉ વિકાસ તરફનું એક મક્કમ ડગલું છે. આપણે આપણી કુદરતી વિરાસતને આધુનિક ભારત ની પ્રગતિ સાથે જોડીને એક હરિયાળા ભવિષ્યનું નિર્માણ કરીએ આવો, આપણે સૌ સાથે મળીને આ પ્રકૃતિના ‘જળ-તીર્થો’નું જતન કરીએ**

# કિશોરીઓના ગૌરવ અને શિક્ષણ માટે ઐતિહાસિક નિર્ણય

માસિક ધર્મ આરોગ્ય કિશોરીઓના ગૌરવ, આરોગ્ય અને શિક્ષણ સાથે સીધો સંબંધ ધરાવે છે અને તે બંધારણમાં આપેલા જીવનના અધિકારનો અભિન્ન ભાગ છે એમ સ્પષ્ટ કરતાં સુપ્રીમ કોર્ટે દેશની તમામ શાળાઓમાં વિદ્યાર્થિનીઓને મફત સેનેટરી પેડ આપવાનું ફરજિયાત બનાવ્યું છે.

કોર્ટએ જણાવ્યું છે કે માસિક ધર્મ દરમિયાન સ્વચ્છતા માટે જરૂરી સાધનોનો અભાવ કિશોરીઓના આરોગ્યને નુકસાન પહોંચાડે છે તેમજ તેમના શિક્ષણમાં અવરોધ ઊભો કરે છે.સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર આ જોગવાઈ માત્ર સરકારી શાળાઓ સુધી મર્યાદિત નહીં રહે પરંતુ ખાનગી શાળાઓ પર પણ સમાન રીતે લાગુ પડશે. દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આ આદેશનું કડક પાલન થાય તે સુનિશ્ચિત કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. કોર્ટએ સ્પષ્ટ કર્યું છે કે કોઈપણ શાળા આ વ્યવસ્થાથી બચી શકશે નહીં.કોર્ટના અવલોકન મુજબ માસિક ધર્મ દરમિયાન જરૂરી સ્વચ્છતા સામગ્રી ન મળવાના કારણે અનેક કિશોરીઓ શાળાએ જવાનું ટાળે છે, જેના પરિણામે તેમની શૈક્ષણિક પ્રગતિ અટકી જાય છે. આ પરિસ્થિતિ માત્ર સામાજિક સમસ્યા નહીં પરંતુ જાહેર આરોગ્ય અને લિંગ સમાનતાનો ગંભીર પ્રશ્ન છે. તેથી દરેક શાળામાં કિશોરીઓને ગોપનીયતા સાથે મફત સેનેટરી પેડ ઉપલબ્ધ કરાવવું અનિવાર્ય છે.

સુપ્રીમ કોર્ટે આ પણ નોંધ્યું છે કે માસિક ધર્મ વિષયક અંધવિશ્વાસ અને સંકોચના કારણે કિશોરીઓ માનસિક દબાણ અનુભવે છે. આ સ્થિતિ દૂર કરવા માટે શાળાઓમાં જાગૃતિ અને સ્વચ્છતા સંબંધિત યોગ્ય વાતાવરણ હોવું જરૂરી છે. શાળાઓમાં સ્વચ્છ શૌચાલય, પૂરતું પાણી અને સલામત નિકાલ વ્યવસ્થા ઉપલબ્ધ હોવી ફરજિયાત હોવાનું પણ કોર્ટએ જણાવ્યું છે.

આ નિર્ણયને મહિલાઓના અધિકાર અને આરોગ્ય ક્ષેત્રે ઐતિહાસિક પગલું ગણાવવામાં આવી રહ્યું છે. આ આદેશથી કિશોરીઓની શાળામાં હાજરીમાં વધારો થશે, શિક્ષણમાં સમાનતા આવશે અને માસિક ધર્મ અંગે સમાજમાં રહેલો કલંક દૂર થવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવાશે.

## 'કેન્સર હટાવો દેશ બચાવો'નું ઘર ઘર ફરી લોકો અને દુકાનદારોને કેન્સર વિશે સમજણ આપતી ઈલોલ પ્રાથમિક શાળાની ગાઈડ બાળાઓ

સ્પર્શ કેન્સર કેર, ફીટ ઈન્ડિયા, બિમ્સ હોસ્પિટલ સાબરકાંઠા અરવલ્લી ભારત સ્કાઉટ ગાઈડ સંઘ ના ઉપક્રમે હ્યુમન પાવર વોકેથોન કાર્યક્રમ ઈલોલ પ્રાથમિક શાળામાં ચીફ કમિશ્નર અતુલભાઇ દીક્ષિત ટ્રેનિંગ કમિશ્નર વૈશાલીબેન પટેલ રોવર લીડર સંજયભાઈ રાવલ, પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર સીમાબેન શાહ તથા શાળાના શિક્ષક રાકેશભાઈ પરમાર તથા સ્ટાફ મિત્રો ની ઉપસ્થિતિમાં યોજાયો. દરેક ગાઈડ વિદ્યાર્થીનીઓએ ઘરે ઘરે અને દુકાનો માં જઈ કેન્સર વિશેની માહિતી આપી. કેન્સર થવાના મુખ્ય કારણ તમાકુ-ગુટખા,માવા અને ધુમ્રપાન,દારૂનું વધુ સેવન જેનાથી મોઢા અને ગળાના કેન્સર, ફેફસાના કેન્સર, પેટ અને આંતરડાના કેન્સર, ચામડીના કેન્સર થઈ શકે છે. તેને જો અટકાવવું જ હોય તો દરેકે વ્યસનથી દૂર રહેવું જોઈએ. આમ કેન્સર થી થતા રોગો અને કેન્સર કેવી રીતે અટકાવી શકાય તે વિશે માહિતી આપી હતી.

## મોબાઈલના સ્ક્રીનથી થાળી સુધી બાળકો ઘેરાતા અદૃશ્ય સંકટમાં

આધુનિક યુગમાં બાળકોના જીવનમાં બે ખતરનાક આદતો ઝડપથી પ્રવેશી રહી છે—જંક ફૂડ અને ડિજિટલ લત. મોબાઈલ, ટેબલેટ અને ટીવી જેટલી ઝડપથી બાળકોના હાથમાં આવ્યા છે, એટલી જ ઝડપથી પેકેટવાળા નાસ્તા, ફાસ્ટ ફૂડ અને શીતળ પીણાં તેમના રોજિંદા આહારમાં સામેલ થયા છે. આ બંને આદતો સાથે મળીને બાળકોના શારીરિક તથા માનસિક સ્વાસ્થ્ય માટે ગંભીર સંકટ ઊભું કરી રહી છે.જંક ફૂડમાં જરૂરી પોષક તત્ત્વોનો ભારે અભાવ હોય છે, જ્યારે ચરબી, મીઠું અને ખાંડનું પ્રમાણ અતિશય વધુ હોય છે. આવા ખોરાકના સતત સેવનથી બાળકોમાં મોટાપો, ડાયાબિટીસ, હૃદયરોગ અને હોર્મોનલ અસંતુલન જેવી સમસ્યાઓ ઊભી થાય છે. તેની સાથે જ્યારે લાંબા સમય સુધી સ્ક્રીન સામે બેસવાની આદત જોડાય છે, ત્યારે શારીરિક હલનચલન ઘટે છે, આંખો પર વધારાનો ભાર પડે છે અને ઊંઘની સ્વાભાવિક પ્રક્રિયા બગડે છે.ડિજિટલ લત બાળકોના માનસિક સ્વાસ્થ્ય પર પણ ઊંડો પ્રભાવ છોડી રહી છે. સતત મોબાઈલ અને વિડિયો ગેમ્સના સંપર્કથી બાળકોમાં ચીડિયાપણું, ગુસ્સો, ચિંતા, એકલતા અને એકાગ્રતાની અછત જોવા મળે છે. અભ્યાસમાં રસ ઘટવો, યાદશક્તિ નબળી પડવી અને પરિવાર તથા સમાજથી દૂર થવું તેની ગંભીર અસરો છે.જ્યારે જંક ફૂડ અને ડિજિટલ લત સાથે મળીને બાળકોના જીવનનો ભાગ બને છે, ત્યારે તેમનું સર્વાંગી વિકાસ ખોરવાય છે. શરીરને જરૂરી પોષણ મળતું નથી અને મનને જરૂરી સંતુલન તથા શાંતિ મળતી નથી. આ સ્થિતિ ભવિષ્યમાં ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓ ઉપરાંત વર્તન સંબંધિત પડકારો ઊભા કરી શકે છે.આ પરિસ્થિતિમાં માતા-પિતા અને વાલીઓની જવાબદારી સૌથી મહત્વપૂર્ણ બને છે. બાળકો માટે સ્ક્રીન સમયની સ્પષ્ટ મર્યાદા નક્કી કરવી, બહાર રમવા અને શારીરિક પ્રવૃત્તિમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરવું તથા પરિવાર સાથે સમય વિતાવવાની સંસ્કૃતિ વિકસાવવી જરૂરી છે. સાથે જ ઘરનું તાજું અને પૌષ્ટિક ભોજન અપનાવવાની આદત વિકસાવવી અને બહારના ખોરાકથી શક્ય તેટલું દૂર રાખવું જરૂરી છે.શાળાઓ અને સમાજે પણ આ દિશામાં સક્રિય ભૂમિકા ભજવવી પડશે. ડિજિટલ શિસ્ત અંગે માર્ગદર્શન, સ્વસ્થ આહાર વિષયક જનજાગૃતિ અને રમતો તથા યોગ જેવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવું આજની સમયની આવશ્યકતા બની ગઈ છે.સંદેશ સ્પષ્ટ છે—બાળકોનું સ્વાસ્થ્ય અને ભવિષ્ય આપણા હાથમાં છે. આજની નાની બેદરકારી આવતીકાલે મોટો પસ્તાવો ન બને, તે માટે જંક ફૂડ અને ડિજિટલ લત બંને સામે આજે જ સચેત થવું અનિવાર્ય છે.

## સ્વાતંત્ર્ય સેનાની શ્રી અબ્બાસ તૈયબજીની ૧૭૨મી જન્મ જયંતી નિમિત્તે વિધાનસભા ખાતે પુષ્પાંજલિ અર્પણ કરાઈ



ભારતના સ્વાતંત્ર્ય સેનાની શ્રી અબ્બાસ શમશુદ્દીન તૈયબજીની આજે ૧૭૨ મી જન્મ જયંતી નિમિત્તે ગુજરાત વિધાનસભાના સચિવ શ્રી ચેતન પંડ્યા દ્વારા વિધાનસભા પોડિયમ ખાતે તેમના તૈલચિત્રને ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરાઈ હતી. આ પુષ્પાંજલિ કાર્યક્રમમાં સહભાગી થવા બદલ વિધાનસભા સચિવ શ્રી ચેતન પંડ્યાના હસ્તે એસ.વી.અંગ્રેજી મીડિયમ શાળાના વિદ્યાથીઓ- શિક્ષકોને પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે વિધાનસભાના સંયુક્ત સચિવ શ્રી રિટા મહેતા,નાયબ સચિવ સર્વે શ્રી હર્ષિલ પટેલ, શ્રી ચૌધરી સહિત ઉચ્ચ અધિકારીઓ- કર્મચારીઓ તેમજ ગાંધીનગરની એસ.વી.અંગ્રેજી મીડિયમના વિદ્યાથીઓ- શિક્ષકોએ શ્રી તૈયબજીના તૈલચિત્રને પુષ્પ અર્પણ કર્યા હતા.*શ્રી અબ્બાસ શમશુદ્દીન તૈયબજીનો પરિચય:*ધર્મપ્રેમી,પ્રામાણિક,ન્યાયી અને ખુદાની બંદગી કરનાર શ્રી તૈયબજીનો જન્મ તા.૦૧ ફેબ્રુઆરી ૧૮૫૪ના રોજ વડોદરામાં થયો હતો. તેઓએ વર્ષ ૧૮૭૯-૧૯૧૩ દરમિયાન ૩૪ વર્ષ સુધી મહારાજા સયાજીરાવ ગાયકવાડના વડોદરા રાજ્યમાં ન્યાય ખાતામાં સેવા આપી તેમજ સયાજીરાવ ગાયકવાડના અંગત મિત્ર બન્યા. વર્ષ ૧૯૧૯માં જલિયાંવાલા બાગ હત્યાકાંડની તપાસ સમિતિમાં ગાંધીજી દ્વારા તેમની પસંદગી કરવામાં આવી હતી. વર્ષ ૧૯૨૧માં 'ટિળક સ્વરાજ ફાળો' ઉઘરાવવામાં ખેડા જિલ્લાના રૂ. ૯૦ હજારના ફાળાની સામે રૂ.૧.૧૫ લાખનો ફાળો એકઠો કર્યો હતો. વર્ષ ૧૯૨૮ની 'ના-કર'ની લડતમાં સક્રિય થવાથી ધારાસણા સત્યાગ્રહમાં ધરપકડ થતાં છ માસની જેલ પણ થઇ હતી. શ્રી તૈયબજીનું તા.૦૯ મે ૧૯૩૬ના રોજ વડોદરા ખાતે અવસાન થયું હતું.

## ભારતીય તટરક્ષક દિવસ :૧ ફેબ્રુઆરી ભારતીય તટરક્ષક: દેશમાં સેવા,સતર્કતા અને દરિયાઈ સુરક્ષાના પાંચ દાયકા

'વયમ રક્ષામહ'મંત્ર સાથે ભારતીય તટરક્ષક છેલ્લા પાંચ દાયકાથી ભારતના દરિયાઈ કિનારાઓની સલામતી અને સુરક્ષા સુનિશ્ચિત કરી રહ્યું છે. ભારતીય તટરક્ષક મેરિટાઇમ ટ્રાન્સપોર્ટેશન તથા બ્લુ ઇકોનોમીના સાતત્યપૂર્ણ વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે અને રાષ્ટ્ર પ્રત્યેની સમર્પિત સેવાનો ગૌરવસભર ઇતિહાસ ધરાવે છે.૧૯૬૦ના દાયકાથી ભારતીય નૌસેનાએ ભારતીય જળ સીમાઓમાં મેરિટાઇમ કાયદાના અમલ અને સલામતી-સુરક્ષા સંબંધિત કામ ગીરી માટે એક સહાયક દળની જરૂ રિયાત અંગે કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત કરી હતી. જેના પરિણામે વર્ષ ૧૯૭૦ના પ્રારંભ સુધીમાં ત્રણ મુખ્ય પરિબળોએ અલગ કોસ્ટ ગાર્ડ દળની આવશ્યકતા વધુ સ્પષ્ટ કરી.સમુદ્ર માર્ગે થતી તસ્કરી કોઇ પણ દેશની અર્થ વ્યવસ્થા માટે ગંભીર જોખમરૂપ સાબિત થાય છે. કસ્ટમ્સ અને માછીમારી વિભાગ જેવી મેરિટાઇમ એજન્સીઓ પાસે આવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે લડવાની વ્યવસ્થા ન હતી.પરિણામે, વર્ષ ૧૯૭૦માં નાગ સમિતિની રચનાકરવામાં આવી, જેણે આ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃતિ સામે કાર્યવાહી માટે એક અલગ મરીન દળ તૈયાર કરવાની ભલામણ કરી હતી. વર્ષ ૧૯૭૨માં સંયુક્ત રાષ્ટ્રના સમુદ્ર કાયદા સંમેલન (UNCLOS) દ્વારા દરિયાકાંઠા ધરાવતા દેશોને વિશિષ્ટ આર્થિક ઝોન (EEZ)નો અધિકાર આપવામાં આવ્યો. આઅનુસંધાને ભારતે વર્ષ ૧૯૭૬માં મેરિટાઇમ ઝોન ઓફ ઇન્ડિયા એક્ટ અમલી બનાવ્યો, જેના પરિણામે ભારત ને આશરે ૨.૦૧ મિલિયન સ્ક્વેર કિમી જેટલો વિશાળ સમુદ્રી વિસ્તાર પ્રાપ્ત થયો. આ વિસ્તારમાં કાયદાનો અમલ અને દેખરેખ માટે મજબૂત સુરક્ષા વ્યવસ્થાની જરૂરિયાત ઊભી થઈ.આ ઉપરાંત મુંબઈ હાઈ વિસ્તારમાં તેલની શોધ અને પરિણામ સ્વરૂપ ઉચ્ચ મૂલ્યની ઓફશોર સ્થાપનાઓના વિકાસને પરિણામે, આ મહત્વપૂર્ણ આર્થિકક્ષેત્રની સુરક્ષા અને આપત્તિ વ્યવસ્થાપન માટે વિશેષ વ્યવસ્થાઓ જરૂરી બની હતી.આ પરિપ્રેક્ષ્યમાં, વર્ષ ૧૯૭૪માં શ્રી કે.એફ. રુસ્તમજી, આઈપીએસના અધ્યક્ષ સ્થા ને એક સમિતિની રચના કરવામાં આવી. સમિતિએ વર્ષ ૧૯૭૫માં રજૂ કરેલા અહેવાલમાં ભારતના સમુદ્રી વિસ્તારોની દેખરેખ અને પોલીસિંગ માટે "કોસ્ટ ગાર્ડ" પ્રકારની સંસ્થાની દ્રઢ ભલામણ કરી હતી.પરિણામે, ૧ ફેબ્રુઆરી ૧૯૭૭ ના રોજ દેશમાં ભારતીય તટરક્ષકની સત્તાવાર સ્થાપના કરવામાં આવી હતી.માત્ર સાત સરફેસ પ્લેટફોર્મથી શરૂઆત કરનાર ભારતીય તટરક્ષક આજે એક શક્તિશાળી અને આધુનિક દળ તરીકે વિકસ્યું છે. જે ૪.૬ મિલિયન સ્ક્વેર કિમીના ભારતીય સર્ચ અને રેસ્ક્યુ ક્ષેત્રમાં નાવિકો, માછીમારો અને જહાજો ની સુરક્ષા માટે તે અગત્યની ભૂમિકા ભજવે છે. કોસ્ટ ગાર્ડ સર્ચ અને રેસ્ક્યુ કામગીરી ઉપરાંત, ગેરકાયદેસર સમુદ્રી પ્રવૃત્તિઓ સામે લડત, આપત્તિ પ્રબંધન અને સમુદ્રી પર્યાવરણના સંરક્ષણમાં પ ણતેની નોંધપાત્ર ભૂમિકા ભજવી રહ્યું છે.